## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સમાવી લે સહજતાથી બધા સંતાપ ગરમાળો,
ગયો મૂકી ઉનાળામાં ઊંચેરી છાપ ગરમાળો.
ભલે શમણાંય દાઝી જાય એવી લૂ પડે કાળી,
મહોરી ઊઠવાનો ત્યાંય આપોઆપ ગરમાળો.

- જયંત ડાંગોદરા

### પાથેય

- રમેશ ઠક્કર

## સુગંધનો પગરવ.

હવે શરૂ થશે ઉનાળાની સફર..પ્રકૃતિના આ કાળઝાળ રૂપની પણ એક અનોખી પહેચાન હોય છે.. પીળોઘમરક ગરમાળો હવે પ્રભાવક થતો જશે.રસ્તાની ધારેધારે આંખો ને એ ઠારે છે...લીલાં પર્ણોનું પરિધાન સહજ ભાવે ઉતારી ક્રમશઃ એ જયારે પીળો પરિવેષ ધારણ કરે છે ત્યારે કોઈક મુમુક્ષુ દિક્ષા ગ્રહણ કરતો હોય એવું લાગે છે..ઉનાળો આટલા પુરતો હૂંફાળો અવશ્ય ગણી શકાય..વિલાયેલાં અન્ય વૃક્ષો વચ્ચે લીમડાની ખુમારી કોઈ ખાનદાન ખોરડાની ડેલીની યાદ અપાવી જાય એવી હોય છે..એમ તો સુગંધ સિવાયનો મેકઅપ કરી ફુલગુલાબી ઝાકમઝોળ રેલાવતી બોગનવેલ પણ ઉનાળે તો અલ્લડ જ હોય છે.. કાકાસાહેબ કાલેલકરે 'રખડવા નો આનંદ'નામે પુસ્તક લખ્યું છે...પણ વહેલી સવારે 'નીરખવાનો નજારો' લખવા બેસીએ તો કાકસાહેબ ના પેંગડામાં ચોકકસ પગ ઘાલી શકાય..! મને 'મળસ્કાની મહોલાત' એવું શિર્ષક પણ સૂઝે છે..એ બધું લખાય ત્યાં સુધી તો અષાઢી મેઘાડંબર એક નવા અભિનિવેશ સાથે આવી જ ચડશે એ નકકી છે..!લખવું હોય એનું આંગણું કયારેય વાંકું નથી હોતું..! શબ્દોની એક મર્યાદા હોય છે..પ્રકૃતિ અમર્યાદ બની ફેલાઈ જતી હોય છે..વાયરાનું વરણાગીપણું એ કોઈ તરજ ઉપર ટપકતું નથી.આપણે જ આપણા પાલવની કોર સાચવવી પડે એવા એના સુસવાટા હોય છે.વાયદા કરવા એ વાયદાના સ્વભાવમાં નથી હોતું..મને તો આખી આ સંગત જ અજાયબ લાગે છે..સહજપણે બદલાતી મોસમનું અનુકૂલન કદાચ સૌથી મોટી અજાયબી ગણી શકાય. એક લટારથી પરોઢને પામવું મુશ્કેલ છે..વૃક્ષનો વૈભવ બરછટ વૈશાખી કિરણો ડહોળી નાખે એ પહેલાં પ્હૉ ફાટવાનું સ્મિત લઈ પોતાની ડાળખીઓ ને મજેદાર રીતે લહેરાવતો હોય છે...જિજીવિષાનું જંતર હોય તો અંતરની ઊર્મિઓને લયબધ્ધ બહેલાવી શકાય છે...ગરમીનો પ્રકોપ માણસને વિક્ષુણ્ણ કરી શકે પરંતુ પાદડાંના પમરાટને તો એ અચુક અક્ષૂણ્ણ જ રાખે છે...વૃક્ષો ની કૉ-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી નથી હોતી તોય તમામની વચ્ચે ગજબનો સહકાર હોય છે.. આધુનિક ઝાડવાં કે વિદેશી નસલનાં ડાળખાં દેશી બાવળ કે ગરવા વડિલ જેવા લીમડા વચ્ચે સહજ પનપે છે...દરેકની અલગ મુદ્રા છે..મ્હેંક છે..મિજાજ છે..પણ શાંતિમય સહઅસ્તિત્વ એ આ બધામાં અચરજ સમાન છે...ભરચક આ માહોલ વચ્ચે રંગબેરંગી ફુલો વરસાવી ફૂટપાથને રંગીન બનાવતું કોઈ તરુવર પરોપકારી સજજન જેવું લાગે છે...મોર કોયલ ઢેલ કે પોપટ ચકલી કે કબુતર કાગડાઓનો શોરબકોર બેકગ્રાઉન્ડની સંગીત સુરાવલીઓ જેવો લાગે છે...પ્રકૃતિનો પણ પોતાનો એક પડાવ હોય છે...પ્રભાવ હોય છે.. આપણી વ્યવહારુ નજર જરાક જો વરણાગી બની જાય તો ગરમાળો કે ગુલમહોર આપ્તજન બની જાય છે...લીમડો એ લાગણીનો પર્યાય બની જાય છે.. આખરે તો આપણે પણ કુદરતનો કરિશ્મા જ છીએ ને..?! વહેલી સવારે ઉનાળુ સુસવાટા દેકારો બોલાવે અને તાપ પોતાનો વ્યાપ રેલાવે એ પહેલાં હળવા પગલે ટહેલવાનો પણ એક અનોખો અંદાજ હોય છે....ઉનાળો આમ સાવ નાખી દીધા જેવો તો નથી જ હોતો...

# સૈનિકો પણ આખરે તો 'માણસ' છે

### તંત્રીસ્થાનેથી...

રશિયન સેનાને એના સુપ્રીમ કમાન્ડર તરફથી યુક્રેનને ખંડેરમાં ફેરવી નાખવાનો ખુલ્લો આદેશ મળેલો છે. 'દેખો ત્યાં ઠાર કરો' ના હુકમથી આ સૈનિકો એક તરફ સેનાપતિન આદેશનું પાલન કરવા બંધાયેલા છે તો બીજી તરફ એમને આવી રૂડી રૂપાળી ઈમારતોને ધ્વસ્ત કરવામાં અને નિર્દોષ નાગરિકો પર ગોળીઓ કે બોમ્બ વરસાવવામાં નરી ક્રૂરતા વરતાય છે. સેનાની આગલી હરોળમાં, નવા લવરમૂછિયા છોકરડા છે જેમને જિંદગીનું આકર્ષણ છે એને બદલે અહીં તો મોતના સોદા કરવાની જવાબદારી નિભાવવી પડી રહી છે. વિશ્વની યુવા પેઢીને જીવવા અને જિવાડવામાં રસ છે, મરવા કે મારવામાં નહીં. રશિયન સૈનિકોની સંવેદનશીલતાના અત્રતત્ર પ્રગટ થઈ રહેલા અહેવાલો એની સાહેદી પૂરે છે. આંસુ સારતા રશિયન સૈનિકોની મજબૂરીનો કોઈ વિચાર કર્યો છે ખરો ? હિટલરના આદેશથી યહૂદીઓને પશુઓની જેમ હાંકીને ગેસ ચેમ્બર ભેગા કરતા જર્મન સૈનિકોને પણ આવી લાગતી તો હશે જ. પરંતુ નોકરીનો અને અંતતોગત્વા પામી પેટનો સવાલ હોય ત્યાં બીજું કશું શું કરે ? કમાંડરનો આદેશ ના માને તો નોકરી જ નહીં, જાન ગુમાવવાનો વારો આવે. કોર્ટ માર્શન થાય અને તાલિબાનો જેવી ક્રૂરતાપૂર્વક સરાજાહેર ગોળીઓ વરસાવીને કે શિરચ્છેદ કરીને એવી દાખલારુપ સજા અપાય કે બીજા કોઈ એવું વિચારતાં પણ ડરવા લાગે. આ પૃથ્વી નામના પ્લેનેટ પર માનવીથી વધુ હિંસક અને જંગલી પ્રાણી શોધ્યું જડે એમ નથી. એમે સમસ્ત જીવસૃષ્ટિને ઊંધઈ અને કીડીમંકોડી કે દરિયાઈ કરચલાંથી લઈ હાથી અને સિંહ જેવા પ્રાણીઓને મારી ખાવાનો વિશ્વ વિક્રમ નોંધાયેલો છે. ત્યારે માનવીને માનવી પ્રત્યે થોડી અનુકંપા જાગે તોય ક્યાંથી ! આપણે એક તરફ ગરીબ માનવસમુદાયો માટે કલ્યાણયોજનાઓ બનાવીએ છીએ, બીમારી સામે ઝઝૂમતા દરદીઓ માટે ફંડ ફાળવીએ છીએ - ફાઈવ સ્ટાર અને સેવન સ્ટાર હોસ્પિટલો ઊભી કરીએ છીએ, બીજી તરફ સરહદની સુરક્ષાના નામે સૈનિકોની બલિ ચડાવીએ છીએ. લોહીની આ રાજરમતને આપણે એટલે કે દુનિયાના તમામ દેશો એકી અવાજે રાષ્ટ્રભક્તિ કહીએ છીએ અને શહીદોની યાદમાં સ્મારકો અને બિરદાવલીઓ રચીએ છીએ. માણસ માણસને ના મારે - એટલો આંતરરાષ્ટ્રીય કાનૂન ના બનાવી શકાય ? વિચારવા જેવં છે. યુક્રેન બહુ જ રળિયામણો દેશ હતો. આજકાલ એ યુદ્ધભૂમિમાં ફેરવાઈને ખંડેર બની રહ્યો છે. જયાં લીલીછમ્મ હરિયાળી છવાયેલી રહેતી ત્યાં લોહીમાંસનો કીચડ ગંધાઈ રહ્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિથી લઈ આમ નાગરિક માટે જીવન કરતાં દેશની આઝાદી વધારે અગત્યની બની રહી છે. સામા પક્ષે રશિયાના ખૂંખાર રાષ્ટ્રપતિએ યુક્રેનને ખંડિયું રાષ્ટ્ર બનાવવાની કસમ ખાધી છે. પુતિન એમની સંકલ્પ સિદ્ધિ માટે રશિયાની આબરૂ હોડમાં મૂકી રહ્યા છે. એમના માથા પર ભૂત સવાર થઈ ગયું છે કે યુક્રેનને નમાવીને જ જંપશે. બાઈડર દૂર વોશિંગ્ટન ડીસીમાં બેઠાં બેઠાં બણગાં ફૂંકે છે. પણ યુક્રેન માટે સેના નથી મોકલતા. એમની સેનાનો અફઘાનિસ્તાનમાં અને ઈરાકમાં ખુરદો બોલી ગયેલો એ તે ભૂલ્યાં નથી. પુતિનનો સામનો કરવાં એકલાં નિવેદો ચાલી શકે ખરાં ? પરંતુ અત્યાર લગી યુરોપ - અમેરિકાએ નર્યા નિવેદનો જ કર્યા છે. રશિયાને આર્થિક રીતે બરબાદ કરવાથી યુદ્ધ અટકે એમ નથી. રશિયા માટે મોટું લશ્કર છે અને પોતાના જવાનો ઘેટાં બકરાંની જેમ કપાય એથી પુતિનનું રુવાડું સુધ્ધાં ફરકવાનું નથી. નેતાઓની જીદનો ભોગ પ્રજા બની રહી છે. યુક્રેનની પ્રજાએ પણ રાષ્ટ્રવાદના ઝનૂનમાં આવી હથિયારો ઊઠાવ્યા છે. બાઈડનની ડાહી ડમરી સાલ છતાં યુક્રેનના જિદ્દી રાષ્ટ્રપતિ એમનો દેશ છોડી સલામત સ્થળે ખસી જવા તૈયાર નથી. જો એ ખસી જાય તો તાબડતોબ પુતિન એમની પસંદગીના પૂર્વ કમ્યુનિસ્ટ રાષ્ટ્રપતિનો રાજ્યાભિષેક કરી યુક્રેનને સ્વાયત્ત રાષ્ટ્ર તરીકેનો દરજ્જો આપવા તૈયાર છે. બિચારા રશિયન સૈનિકો લોહી વહાવે છે અને લોહી રેડે છે. એમને આવું કરવું ધરાર ગમતું નથી. એમને હથિયાર હેઠાં મૂકી ભાગી છૂટવાનું મન થાય છે. ડિપ્રેશનમાં આવી એ ખુદ પોતાના જ સાથીઓ પર ગોળીઓ છોડતા થયા છે. એમનાં આંસુની પુતિન કે બાઈડન કે જેલેન્સકી પૈકી કોઈને મન કશી જ કિંમત નથી. એ સૈનિક બન્યા છે અથવા બળજબરીપૂર્વક બનાવાયા છે એટલે લોહી એમના લમણે લખાઈ ગયું છે.

# એક નારી પ્રતિભાનું પુણ્યસ્મરણ

### અમર વારસો – ડૉ. રશ્મિકાન્ત મહેતા



૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસ છે. ત્યારે પ્રાચીન ભારતની આ પ્રતિભાશીલ નારીનું પુણ્યસ્મરણ થાય છે - તારા.

સંસ્કૃતમાં આ શ્લોક જાણીતો છે. - 'અહિલ્યા, દ્રૌપદી, તારા, સીતા અને મંદોદરી - આમને કાયમ સ્મરણમાં રાખવા. એનાથી મહાન પાપોનો નાશ થાય છે.' ભાવાર્થ આ છે - આ ઉમદા પાત્રો છે. એમના સ્મરણ માત્રથી, પાપનો વિચાર ન આવે અથવા પાપ તરફની ગતિ અટકી જાય. આમાં ત્રીજા ક્રમે તારા છે.



(૧) તારા દેવોના આચાર્ય બૃહસ્પતિની સૌંદર્યમયી કન્યા હતી. જ્ઞાન અને સંસ્કાર અને વારસામાં મળ્યા હતા. પ્રામાણિક હતી. નિર્દંભ હતી. સત્યવક્તા હતી. નીડર હતી.

(૨) ઋષ્યમુક પર્વતની તળેટીમાં કિષ્કિન્ધા નગરી હતી. અહીં વાનર જાતિનું સામ્રાજય હતું. એનો સમ્રાટ વાલી હતો. તારા એની પત્ની હતી. વાલીનો સ્વભાવ અળવીતરો ખરો; તો પણ બંનેને એકબીજાને માટે ઉત્કટ પ્રેમ હતો. તારાનો દિયર સુગ્રીવ હતો અને દેરાણી રૂમા. વાલી રાજય સંભાળે, સુગ્રીમ મદદ કરે. બંને ભાઈઓને હેત-પ્રેમ હતો. રાજપરિવાર સુખી હતો. બંને ભાઈઓના મહેલ પાસપાસે હતા.

(૨) અંગત - તારા અને વાલીનો પુત્ર હતો.

(૩) પરંતુ રાજયપરિવારના સુખને ગ્રહણ આભડી ગયું. આકસ્મિક ઊભા થયેલા સંજોગોનું સાવ ખોટું અર્થઘટન વાલીએ કર્યું. 'સુગ્રીવે મારી હત્યા કરીને, રાજય પડાવી લેવા ષડયંત્ર કર્યું છે.' એમ માની લીધું. સુગ્રીવને, પહેરેલ કપડે રાજયમાંથી કાઢી મૂક્યો અને રૂમાને એના મહેલમાંથી ઉઠાવી લીધી. સુગ્રીવ એકદમ નિર્દોષ હતો. એ વાલી થકી ભયથી ફફડતો રહેતો.

(૪) સુગ્રીવે રામનું શરણ લીધું. શ્રીરામે એને સહાયનું વચન આપ્યું. સુગ્રીવને હવે હિંમત આવી ગઈ.

(૫) એ નગરમાં આવ્યો. વાલીને દ્વંદ્વયુદ્ધ માટે પડકાર્યો. વાલીનો પડકાર ઝીલી લીધો, પરંતુ તારા એને વળગી પડી અને કહ્યું, 'હું તમને જવા નહિ દઉં. મને અંગદના ગુપ્તચરો પાસેથી ખબર મળ્યા છે. આ સુગ્રીવ શ્રીરામે શરણે ગયો છે. રામ મહાપરાક્રમી છે. એ તમને મારી નાખશે. હું તમને ખોવા માગતી નથી. ઊલટું તમે આ પરિસ્થિતિનો લાભ ઉઠાવો. સંધિ કરી લો. એ તમારો ભાઈ છે. નિર્દોષ છે. એને પ્રેમથી આવકારો. આ સંધિથી તમે પોતે સમૃદ્ધ થશો.'

(૬) વાલીએ એની સલાહ ન માની. તારાનો અંદેશો સાચો પડ્યો. વાલીનો વધ થયો. તારાએ કરુણ આક્રન્દ કરી મૂક્યું. રામને વિનંતી કરી. 'હું વાલીની અર્ધાંગના છું. તમે મારા ઉપર બાણ ચલાવો. હું ન મરું ત્યાં સુધી એનો વધ થયો ન ગણાય. આમ પણ એના વગર હું જીવી ન શકું.'

(૭) શ્રી રામે એને કહ્યું - 'તું વીરાંગના છો. તારે આ રીતે ન મરાય. વાલી તો અપરાધી હતો, એની એને સજા મળી છે. એણે નાનાભાઈની પત્નીનું અપહરણ કર્યું છે. એક નિર્દોષ માણસને દેશનિકાલ કર્યો છે. તમારી જાતિનો તો નિયમ છે. તું સુગ્રીવને પતિ તરીકે સ્વીકારી લે. સુગ્રીવ રાજય સંભાળી લે. અંગદનો યુવરાજ પદે અભિષેક થશે.'

(૮) તારાએ શ્રદ્ધા અને સંમતિ સાથે રામને પ્રણામ કર્યા.

### દિન મહિમા

- ૧૪૧૧માં અમદાવાદ શહેરને ગુજરાત સલ્તનતની રાજધાની બનાવી.
- રાષ્ટ્રીય સુરક્ષા દિવસ - નાગરિકોમાં સલામતી અંગે જાગરૂકતા વધારવા માટે રાષ્ટ્રીય સુરક્ષા દિવસ ઉજવવામાં આવે છે.

### આજનું ઔષધ

- દૂધમાં શેરડીનો રસ નાખી પીવાથી એસિડીટી મટે છે.

### ખડખડાટ

- ભારતે રશિયાને જ સપોર્ટ કરવો પડશે. રશિયા સાથે ઘણો જૂનો નાતો છે, આપણે ગરબા પણ રશિયાના આવે છે 'ઓ રંગ રશિયા કયા રમી આવ્યા રાસ જો.'

### આજનો વોટ્સએપ

- પ્રગતિ ભલે ધીમી થાય પણ ઈમાનદારી રાખજો, કારણ કે... કેરી કેમિકલથી પાકે અને આંબે પાકે એમાં ઘણો ફેર પડે છે...!

# 'ડિવાઈન કોમેડી'નો ગુજરાતી ભાષામાં 'દિવ્ય - આનંદ' તરીકે કોણે અનુવાદ કર્યો?

### ખજાનો – અનિલ પટેલ



### ગુજરાતી સાહિત્ય

૧ 'કાવ્ય ગોષ્ટિ' ના સ્થાપન કોણ હતા ?
(અ) સુંદરમ્ (બ) રમેશ પારેખ
(ક) રાજેન્દ્ર જોષી (ડ) ઉમાશંકર જોષી

૨ લોકજીવન પાક્ષિકનું પ્રકાશન કોના દ્વારા થાય છે ?
(અ) ગુજરાત વિદ્યાપીઠ (બ) સાહિત્ય અકાદમી
(ક) સાહિત્ય સભા (ડ) નવજીવન ટ્રસ્ટ

૩ કયા કવિએ સોનલ વિષયક કાવ્ય રચનાઓ કરી છે?
(અ) લાભશંકર ઠાકર (બ) રમેશ પારેખ
(ક) રાવજી પટેલ (ડ) ઉમાશંકર જોષી

૪ 'સાપના ભારા' ના રચયિતા કોણ છે?
(અ) ઉમાશંકર જોષી (બ) ચંદ્રકાન્ત બક્ષી
(ક) મણિલાલ દેસાઈ (ડ) રઘુવીર ચૌધરી

૫ 'પ્રેમસખી' કયા સાહિત્યકારનું ઉપનામ છે ?
(અ) કવિ ભાણદાસ (બ) સ્વામી આનંદ
(ક) પ્રેમાનંદ સ્વામી (ડ) નિષ્કુળાનંદ

૬ 'ઉપરવાસ' નવલકથાના સર્જક કોણ છે?
(અ) રઘુવીર ચૌધરી (બ) જયંતી દલાલ
(ક) ચંદ્રકાન્ત બક્ષી (ડ) હરીન્દ્ર દવે

૭ 'ફેરો' નું સાહિત્યિક સ્વરુપ શું છે ?
(અ) નવલિકા (બ) નવલકથા
(ક) નાટક (ડ) પ્રવાસ કથા

૮ ટીહો અને મેઠી કઈ નવલકથાનાં પાત્રો છે?
(અ) ભવની ભવાઈ (બ) માનવીની ભવાઈ
(ક) ઝેર તો પીધાં જાણી જાણી (ડ) આંગળિયાત

૯ 'ધરા ગુર્જરી' નું સાહિત્યિક સ્વરુપ કયું છે?
(અ) નાટક (બ) કાવ્ય સંગ્રહ
(ક) નવલકથા (ડ) આત્મકથા

૧૦ 'કબીરવડ' કાવ્યના કવિ કોણ છે ?
(અ) ભાલણ (બ) પ્રેમાનંદ
(ક) અખો (ડ) નર્મદ

૧૧ 'આંસુ ભીનો ઉજાશ' નવલકથાના લેખક કોણ છે ?
(અ) દિલીપ રાણપુરા (બ) ચીનુ મોદી
(ક) મકરંદ દવે (ડ) અનિલ જોષી

૧૨ 'ડિવાઈન કોમેડી'નો ગુજરાતી ભાષામાં 'દિવ્ય - આનંદ' તરીકે કોણે અનુવાદ કર્યો ?
(અ) ગુણવંત શાહ (બ) રાજેન્દ્ર શાહ
(ક) મહેન્દ્ર મેઘાણી (ડ) સિતાંશુ યશચંદ્ર

૧૩ 'ઔરંગઝેબ' નાટકના લેખક કોણ છે ?
(અ) ચિનુ મોદી (બ) કૃષ્ણલાલ શ્રીધરાણી
(ક) મધુ રાય (ડ) જયશેખર સૂરિ

૧૪ 'અખા ભગત' કોનું ઉપનામ છે?
(અ) અનિલ જોષી (બ) હસમુખ પાઠક
(ક) વેણીભાઈ પુરોહિત (ડ) કૃષ્ણકાન્ત મદ્રાસી

૧૫ નેમિનાથ ફાગુના રચયિતા કોણ છે?
(અ) જયશેખર સૂરિ (બ) ભોજો ભગત
(ક) જયોતીન્દ્ર દવે (ડ) સ્વામી સચ્ચિદાનંદ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૪ માર્ચ :
  - સાઉથ આફ્રિકન સિંગર મિરીન માકેબાનો જન્મદિવસ (૧૯૩૨)
  - ગુજરાતમાં આકાશવાણી કેન્દ્રની અમદાવાદમાં સ્થાપના થઈ (૧૯૪૯)
  - નવી દિલ્હીમાં સૌપ્રથમ એશિયાડ રમતોત્સવ યોજાયો (૧૯૫૧)
  - ઝિમ્બામ્બેમાં શ્વેત લોકોનું શાસન આવ્યું (૧૯૮૦)
- ૫ માર્ચ :
  - ક્રાંતીવીર અને વ્યામવીર પૃથ્વીસિંહ આઝાદનું અવસાન (૧૯૮૯)
  - નાશા દ્વારા છોડવામા આવેલ વોયેજર સ્પેસ પ્રોબ દ્વારા ગુરુની સપાટી પર ૯ જીવંત જવાળામુખીનું ચિત્ર મોકલાયું (૧૯૭૯)
  - સોવિયેત તાનાશાહ જોસેફ સ્ટાલીનનું ૭૪ વર્ષની વયે અવસાન (૧૯૫૩)
  - મોસ્કો રશિયાની નવી રાજધાની બન્યું (૧૯૧૮)
- ૬ માર્ચ :
  - ગુજરાતના પ્રથમ સમર્થ હાસ્યકાર રમણ નીલકંઠનું નિધન (૧૯૨૮)
  - બ્રિટનના એલીઝાબેથ બ્રાઉનીંગની જન્મજયંતી (૧૮૦૬)
  - સોવિયેત અવકાશયાત્રી વેલિન્ટિના ટેરેસ્કોવાનો જન્મદિવસ (૧૯૩૭)
  - નેન્સી રેગનનું અવસાન (૨૦૧૬)
- ૭ માર્ચ :
  - મશહુર અમેરિકન રેસ કાર ડ્રાઈવર જુનેટ ગુથરીનનો જન્મદિવસ (૧૯૩૮)
  - સાહિત્યકાર બાલમુકુંદ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
  - માસ્ટર બ્લાસ્ટર વેસ્ટ વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટર વિવ રિચાર્ડનો જન્મદિવસ (૧૯૫૨)
  - એલેકઝાન્ડર ગ્રેહામેબેલે ટેલીફોનની પેટન્ટ લીધી (૧૮૭૬)
- ૮ માર્ચ :
  - મશહૂર આંગ્લ કવિ જહોન મિલ્ટનનું નિધન (૧૬૭૪)
  - રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરારાજે સિંધિયાનો જન્મદિવસ (૧૯૫૩)
  - ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જની શરૂઆત થઈ (૧૮૧૭)
  - અમેરિકન સુપ્રીમ કોર્ટ જસ્ટીસ ઓલીવર વેન્ડેલા હોલેમ્સનો જન્મદિવસ (૧૮૪૧)
- ૯ માર્ચ :
  - મોનીટર એન્ડ મેરીમેક અમેરિકન સિવીલ વોર થયું (૧૮૬૨)
  - ભારતીય રાજનેતા શશી થરુરનો જન્મદિવસ (૧૯૫૬)
  - સોવિયેટ અવકાશયાત્રી યુરી ગાગરીનનો જન્મદિવસ (૧૯૩૪)
  - અમેરિકન રાજકીય મહિલા નેતા મેરી ચેમ્પમેન કેટ્ટનો જન્મદિવસ (૧૮૫૯)
- ૧૦ માર્ચ :
  - અકબરે 'દીને ઈલાહી' ધર્મ સ્થાપ્યો (૧૬૫૬)
  - કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર કીમ કેમ્પબેલનો જન્મદિવસ (૧૯૪૭)
  - વિયેતનામ જાપાનથી આઝાદ થયું (૧૯૪૫)
  - સાબરમતી આશ્રમ ખાતેથી ગાંધીજીની પ્રથમ વખત ધરપકડ કરાઈ (૧૯૨૨)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

યુરોપના કયા દેશ અને રશિયા વચ્ચે યુદ્ધની નોબત આવી છે ?
જવાબ : યુક્રેન

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) અરવિંદ એલ રાણા : સે-૪ (૩) ઋજિત રાવલ : સે-૭ (૪) મીત પી પટેલ : સરગાસણ (૫) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) રુચિત એ પટેલ : રાંદેસણ (૮) મુળજીભાઈ પરમાર : સે-૭ (૯) એન બી ચુડાસમા : સેકટર-ઉબીબી

**આ સપ્તાહનો સવાલ**

કેન્દ્ર સરકારમાં જયોતિરાદિત્ય સિંધિયા કયા ખાતાના મંત્રી છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'સ્વરસામ્રાજ્ઞી' લતાજીને ''શિવરંજની''ની ગરીમાપૂર્ણ સ્વરાંજલિ

## વોઇસ ઓફ લતા ડો. ફાલ્ગુની શશાંકે ગુરૂ લતાજીની કરી ''સ્વરવંદના''

### ટહૂકાર – પ્રકાશ લાલા



જેમનું નામ સ્મરણ થતાં જ વિવિધતાભર્યા અને ચિત્ત – મનને પ્રસન્નતાથી ભરી દેનારાં, હજારો ગીતોનો સમૃધ્ધ ખજાનો ખૂલી જાય એવાં મહાન ગાયિકા તથા સાત સાત દાયકા સુધી Unbitten રહી હિન્દી ફિલ્મ સંગીતમાં સુપર્બ યોગદાન આપનારાં શ્રેષ્ઠતમ પ્લેબેક સિંગર 'હ્નસ્વરસામ્રાજ્ઞી' આદરણીય લતા મંગેશકર લતાજી સદેહે હવે ભલે આપણી વચ્ચે નથી રહ્યાં પરંતુ એમના કોકીલ કંઠે ગવાયેલાં એક એકથી ચઢીયાતાં હિન્દી ફિલ્મી ગીતો, ગઝલ, ભજન, શાસ્ત્રીયગાન, ગુરુબાની, સૂફી ગીતો, ગુજરાતી ગીતો થકી આપણા સૌના દિલો દિમાગમાં સદા વસેલાં ને ગુંજતાં રહેતા એમાં શંકા નથી.

આવા લીજેન્ડરી ગાયિકાને ''શિવરંજની, ગાંધીનગર''એ લતાજીના કંઠે ગવાયેલાં ગીતોના ગાનના પ્રશંસનીય કાર્યક્રમ દ્વારા સરસ સ્વરાંજલિ આપી તે માટે શિવરંજનીને ધન્યવાદ ઘટે છે. તા.૨૬ ફેબ્રુઆરીના આ ''સ્વરાંજલી'' કાર્યક્રમ માટે શિવરંજની અભિનંદના અધિકારી એટલા માટે છે કે, સંસ્થાએ લતાજીના દેહાવસાનના વીસ જ દિવસમાં સ્વરાંજલિ કાર્યક્રમ યોજીને ઉચિત શ્રધ્ધાંજલી-સાદરાજંલી આપી... બીજું લતા મંગેશકર જેવા ઉચ્ચ કોટીના પ્લેબેક સિંગર ગાયક કલાકારને સ્વરાંજલિ આપવા કોઈ કાર્યક્રમ કરવો એ એક ચેલેન્જ હતી. જો પ્રોગ્રામ જરા જેટલો ય આછો કે ઉણો બની રહે તો તે શ્રધ્ધાંજલિને બદલે લતાજીના આત્માને દુઃખ પહોંચાડનારો થઈને રહે. . . પરંતુ શિવરંજનીના સુજ્ઞ સગીતજ્ઞ ધૂરાવાહકોએ કાર્યક્રમ માટે ગુજરાતનાં સ્વરકિન્નરી વોઈસ ઓફ લતા તરીકે છેલ્લા ત્રીસ વર્ષથી લતાજીનાં ગીતો ગાઈને સંગીત રસિકોનાં ચહિતા બની ગયેલા ડો. ફાલ્ગુની શશાંકને કલાકાર તરીકે પસંદ કરીને તથા ફાલ્ગુનીબહેને પણ પોતે જેને પોતાના ગુરૂ અને મા સરસ્વતી માને છે અને લતાતાઈના સંખ્યાબંધ ગીતોમાંથી સરાહનીય વીસ-બાવીસ ચૂંટેલાં હિંદી ફિલ્મો ગીતોની એવી જ કાબિલે દાદ સુંદર પ્રસ્તુતિ કરી કે આ ચેલેન્જ સફળતાપૂર્વક પાર પડી.

''સ્વરાંજલી''નો પ્રારંભ ફાલ્ગુનીબહેને ફિલ્મ 'સત્યમ શિવમ સુંદરમ'ના સેમી કલાસીક પ્રકારના અને પ્રાર્થના સમાન સુંદર શબ્દોવાળા ગીત ''ઈશ્વર સત્ય હૈ... સત્ય હી શિવ હૈ... શિવ હી સુંદર હૈ... સત્યમ શિવમ સુંદરમ'' થી કર્યો. સમગ્ર ગીત અને પ્રારંભને અંતના આલાપતા સરસ રજૂઆત થકી જાણ સૂર-સ્વરને સંગીતની સમાધિ લાગી ગઈ. એ પછી ફિલ્મ ખાનદાન લતાજીને ફિલ્મ ફેર એવોર્ડ જીતાડનારું ગીત ''તુમ્હી મેરે મંદિર... તુમ્હી મેરી પૂજા... તુમ્હી દેવતા હો'' ની પ્રસ્તુતિ ફાલ્ગુનીબહેનની તત્પરતાને હદયની ભાવનાને કારણે જાણે પોતાનામાં ગુરૂ લતાજીને શિષ્યાભાવે અર્પણ થતી પૂજા સમાન બની રહી હતી. સુંદર ગીતો અને કર્ણપ્રિય સંગીત માટે પોપ્યુલર બનેલી ફિલ્મ 'પાકિઝા'ના લતાજીએ ગાયેલાં અગિયાર ગીતો પૈકીનું પસંદગીનું ગીત ''મૌસમ હૈ આસીકાના... .મેં દિલ કહીં સે ઉનકો ઐસે મેં ઢુંઢ લાના...'' પેશ કરીને તથા પછીના ક્રમે ફિલ્મ 'કભી કભી'નું એવું જ પ્રખ્યાત ટાઈટલ સોંગ ''કભી કભી મેરે દિલ મેં ખ્યાલ આતા હૈ... કિ જૈસે તુમ્હે બનાયા ગયા હૈ મેરે લીયે... ''રજૂ કરી શિવરંજની આયોજીત આ પાંચમા ઓનલાઈન પ્રોગ્રામને માણી રહેલા દેશવિદેશના સંગીત પ્રેમીઓને ખુશ કરી દીધા.




લતાજીએ ૧૯૪૮માં 'મજબૂર' ફિલ્મથી હિંદી ફિલ્મી ગીતોમાં પદાર્પણ કરીને છેક ૨૦૧૯માં ભારતીય સૈન્ય અને દેશને અંજલીરૂપે ગાયેલા છેલ્લા ગીત ''સોગંદ મુઝે ઈસ મીટ્ટી કી. . . . .'' સુધીમાં કેવળ સંખ્યાની દ્રષ્ટીએ જ નહીં પરંતુ જુની – નવી પેઢીના કલાકારો માટે ગાયેલાં ગીતોનાં જબરજસ્ત રેઈન્જના કારણે સૌને બહુ જ વૈવિધ્યપુર્ણ ગીતો મળ્યાં છે. એમાંથી ફાલ્ગુની શશાંકે સ્વરાંજલિ માટે લતાતાઈની આ રેન્જને એમાં કંઠની કમાલ તથા સૂર-સ્વરની ખૂબીઓનો પરિચય કરાવતાં પસંદ કરેલાં ગીતો પૈકીનાં ફિલ્મ 'આપકી કસમ'નું ભાઈ ભૂમિક ત્રિવેદી સાથે ગાયેલું ડ્યુએટ સોંગ ''કરવટે બદલતે રહેં સારી રાત હમ, આપ કી કસમ... ગમ ના કરો દિન જુદાઈ કે હૈ કમ... આપકી કસમ'' અને એના પછી સંગીતકાર મહનમોહનની બંદિશોમાં શિરમોર કહી શકાય અને લતાજીનું પ્રિય રોમેન્ટીક ગીત ''લગ જા ગલે ફિર યે હસી રાત હો ના હો શાયદ ઈસ જનમ મેં મુલાકાત હો ન હો'' તેમજ ફિલ્મ 'માલા'નું સલીલ ચૌધરીએ સંગીતબધ્ધ કરેલ એક ઓર યાદગાર ગીત''જારે... જારે ઉડ જા રે પંછી બહારોં કે દેના જા રે યહાં ક્યા હૈ મેરે પ્યારે કિ ઉજ્જડ ગઈ બગિયા મેરે મન કા.. '' જારે હોય કી રેર પણ પોપ્યુલર કહેવાય એવું વિરહની વેદનાનું ફિલ્મ 'આમ્રપાલી'નું

અનુસંધાન પાના નં. ૭ પર